# ફેસબૂક, ટ્વિટર, વોટ્સઅપ કોમ્યુનિકેશન પર ટૉક થઈ





**આઈઆઈટી ગાંધીનગર ખાતે અમેરિકાની યુનિવર્સિટીઓ વચ્ચે શરૂ થયેલા ચાર દિવસીય પરિસંવાદના પ્રથમ દિવસે સંયુક્ત રિસર્ચને લઈને ચર્ચાઓ થઈ**

ઇન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી (આઈઆઈટી), ગાંધીનગર ખાતે ચાર દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અમેરિકાની ટોચની એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટ અને યુનિવર્સિટીના ડેલિગેટ્સે પ્રથમ દિવસે હાજરી આપી હતી. લોન્ગ ટાઈમ પાર્ટનરશિપ ઈન રિસર્ચ અને પ્રાઈવેટ સેક્ટર પાર્ટનરશિપના મુદ્દાને લઈને આ બન્ને દેશો વચ્ચે દ્વિસ્તરીય ચર્ચા કરાઈ હતી. યુ. એસ. એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટના સહયોગથી આ બન્ને દેશો વચ્ચે દ્વિ સ્તરીય સંવાદ થઈ રહ્યો છે.

આ અંગે યુ.એસ.એ. ડેલિગેશને પરિસંવાદમાં કહ્યું કે અમેરિકા અને આઈઆઈટી વચ્ચે ૧૯૬૦થી કોલાબ્રેટીવ રિસર્ચ ચાલુ છે. બન્ને દેશ વચ્ચેની આ પાર્ટનરશિપના કારણે યુએસ અને આઈઆઈટી વચ્ચેની પાર્ટનરશિપથી એકબીજાની તાકાત વધી રહી છે. આઈઆઈટી સાથેના જોઈન્ટ રિસર્ચ પ્રોગ્રામના કારણે અમે ખૂબ ખુશ અને પ્રભાવિત થયા છીએ.

ચાર દિવસીય ઈવેન્ટના પ્રથમ દિવસે વિશ્વની ટોચની એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટમાં કેવી રીતે ફેસબુક, ટ્વિટર, વોટ્સએપ, ઈન્સ્ટ્રાગ્રામ દ્વારા વેલ કોમ્યુનિકેશન કરવામાં આવે છે. તેની સ્ટુડન્ટસને માહિતી આપવામાં આવી હતી.

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી ગાંધીનગરના આ પ્રકારના અમેરિકા સાથેના સહયોગથી આઈઆઈટી ખાતે અભ્યાસ કરતા સ્ટુડન્ટસને તેનો સીધો લાભ પ્રાપ્ત થશે. આ સંયુક્ત રીતે આગળ વધવાની દિશામાં મહત્વનું પહેલું પગથિયું કહી શકાય.

**Source: Gujrat Samachara, Jan 06 2016**